# અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી અને બાયો - રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા ઓનલાઈન રિફ્રેશર કોર્સનું આયોજન


ગાંધીનગર, તા. ૩૧

અરિહંત સ્કૂલ ફાર્મસી અને બાયોરિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (ASP & BRI) દ્વારા ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સીલ (GSPC) સાથે સંલગ્ન ઓનલાઈન 'રિફ્રેશર કોર્સ ફોર રજિસ્ટર્ડ ફાર્માસીસ્ટ' નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહાનુભાવોએ પ્રસંગ અનુરૂપે વક્તવ્યો આપ્યા હતા. આ આયોજન નો મુખ્ય હેતુ ફાર્મસી સાથે જોડાયેલ વિવિધ વિષયો ઉપરની તથા સંશોધનો ની બારીક જાણકારી ફાર્માસીસ્ટ સુધી પહોંચાડવાનો હોય છે. જેથી કરીને સમયાંતરે વિષય અનુરૂપ જાણકારી ભેગી કરી શકાય. આ કોર્સ માં કુલ ૨૪૫ જેટલા રજિસ્ટર્ડ ફાર્માસિસ્ટે ભાગ લીધો હતો.

આ કોર્સના ઉદ્ઘાટન વિધિ ચીફ ગેસ્ટ તરીકે મોન્ટુકુમાર પટેલ (પ્રેસિડન્ટ,GSPC) તથા ગેસ્ટ ઓફ ઓનર તરીકે શ્રીમાન ડૉ. નેહલ શાહ (Principal , IPCP ) ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય અતિથિગણનું અભિવાદન ડૉ.રાગીન શાહ (પ્રિન્સિપાલ, ASP & BRI) તથા ડૉ. દિવ્યકાંત પટેલ (વાઈસ પ્રિન્સિપાલ, ASP & BRI) દ્વારા કરવામાં આવ્યું હતું.

રિફ્રેશર કોર્સનો પ્રારંભ પ્રોફેસર ડૉ.સુનિતા ચૌધરી (ASP & BRI)ના વક્તવ્યથી કરવામાં આવ્યું હતું. જેમાં તેમણે 'Pharmacy Practice Regulation 2015' ઉપર જાણકારી આપી હતી અને ઉમદા ફાર્મસી વ્યવસાય કઈ રીતે થઈ શકે છે તેની માહિતી આપી હતી.

ત્યારબાદ બીજું વ્યક્તવ્ય





એસોસિયેટ પ્રોફેસર ડૉ. જીજ્ઞાશા દેરાસરી (ASP & BRI) દ્વારા સંબોધિત કરવામાં આવ્યું હતું. જેમાં તેમણે અલગ અલગ પ્રકારના (ડ્રગ્સ) દવા, ખોરાકો દવાઓની ક્રિયા - પ્રતિક્રિયા નો અલગ અલગ ઉદાહરણ સાથે માહિતી આપી હતી. ત્રીજો લેકચર ડૉ. શ્રીકાંત જોશી (Associate Professior Maliba Pharmacy College, Bardoli) દ્વારા 'ફાર્મસીમાં પડકારો, જવાબદારી તથા તકો' વિષય ઉપર પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. જેમાં તેમણે કોમ્યુનિટી ફાર્મસી તથા કોમ્યુનિસ્ટ ફાર્માસીસ્ટ તરીકે આવતા વિવિધ પડકારો, જવાબદારીઓ અને અમૂલ્ય તકો ની બારીક છણાવટ ફાર્માસીસ્ટ સમક્ષ રજુ કરી હતી.

પ્રથમ દિવસ નો ચોથો લેક્ચર એસોસિયેટ પ્રોફેસર, ડૉ.હિરલ શાહે (ASP& BRI) તરફથી 'Medication Errors' ઉપર ની જાણકારી દ્વારા કરાઈ હતી. જેના અંતર્ગત તેમણે વિવિધ પ્રકારની નાની એવી પણ જાનલેવા થતી ભૂલો કેવી રીતે અટકાવી શકાય એની માહિતી આપી હતી.

આ રિફ્રેશર કોર્સ ના ભાગ રૂપે Online MCQ Testનું આયોજન થયું હતું. જેથી ભાગ લીધેલ તમામ કેન્ડિડેટ ઉપાર્જિત કરેલ જ્ઞાન દ્વારા જવાબ આપી શકે અને પોતાનું જ્ઞાન વધારી શકે. આ ટેસ્ટ માં પ્રથમ ત્રણ નંબરે ઉતીર્ણ થયેલા કેન્ડિડેટ નું બહુમાન કરવામાં આવ્યું હતું.

પુર્ણાહુતી સમાપન સમારોહ (Valedictory Function) દ્વારા કરવામાં આવી હતી. જેના મુખ્ય અતિથિગણ તરીકે જશુભાઈ ચૌધરી (રજીસ્ટાર GSPC) તથા ડૉ. શ્રીરાજ શાહ (પ્રિન્સિપાલ , L .J .Institute Of Pharmacy) ઉપસ્થિત રહ્યા હતા, જેમનું અભિવાદન કોઓર્ડીનેટર ડૉ.વિનય દરજી (Coordinator Of the Refresher Course તથા પ્રોફેસર, ASP & BRI) તથા કો - કોર્ડીનેટર શ્રી, ઘનશ્યામ ભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહેમાનો એ આ વર્ચ્યુલ કોર્સ નું આયોજન કરવા બાદલ અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી તથા તમામ આયોજક ને અભિનંદન પાઠવ્યા હતા અને પ્રસંગ અનુરૂપ ઉદબોધન આપ્યા હતા. આ કોર્સની અંતે આભારવિધિ ઘનશ્યામ પટેલ દ્વારા કરવામાં આવી હતી.

# સરસ્વતી ઈન્સ્ટીટ્યુટ ઓફ ફાર્માસ્યુટિકલ ખાતે ઓરિએન્ટશન કાર્યક્રમ યોજાયો




ગાંધીનગર, તા. ૩૧

સરસ્વતી ઈન્સ્ટિટ્યુટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સિસ, ધણપ – ગાંધીનગર દ્વારા પ્રથમ વર્ષ ના બી..ફાર્મ, એમ. ફાર્મ અને ફાર્મ.ડી માં પ્રવેશ લેનાર વિધ્યાર્થીઓ માટેનો "હેલ્થકેર, ઈન્ડસ્ટ્રી અને વિદેશ માં ફાર્મસીનીઓરિએંટેશન પ્રોગ્રામ તા. ૩૦/૧૨/૨૦૨૦ ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ માં કોલેજ ના પ્રથમ વર્ષ ના ૯૫ થી વધુ બી..ફાર્મ, એમ. ફાર્મ અને ફાર્મ.ડી વિધ્યાર્થીઓ અને તેમના વાલીઓ તથા શિક્ષકો એ ભાગ લીધો હતો.આ કાર્યક્રમની શરૂઆત પી.જી ડિરેકટર ડૉ. અંકિત બી. ચૌધરી દ્વારા સંસ્થા વિશેની માહિતી આપી.

આ પ્રોગ્રામમાં સંસ્થાના પ્રમુખ કે જી.પટેલ દ્વારા બધા સહભાગીઓનો આવકાર વ્યક્ત કર્યો હતો. આપણા સમાજમાં ફાર્માસિસ્ટના ફાળો મહત્વને પ્રકાશિત કરવામાં આવ્યો છે. પ્રિન્સિપાલ, ડૉ. એસ. કે. શાહ એ વિદ્યાર્થીના ભવિષ્યની ઈન્ડસ્ટ્રીમાં ઉજ્જવળ તકોની માહિતી અને એમાં ફાર્માસિસ્ટની ભૂમિકા અંગેના તેમના મૂલ્યવાન વિચારો પ્રગટ કર્યા હતા.

અતિથિ નિતેશ વિરમગામા (સીઈઓ, નિલેડ ઓવરસીઝ એજ્યુકેશન) એ વિદેશ માં ફાર્મસીની તકો અને અભ્યાસની માહિતી પૂરી પાડી હતી.અતિથિ નિપુલ કાપડિયા (ડીજીએમ, એપોલો ઈન્ટરનેશનલ હોસ્પિટલ્સ) એ હેલ્થકેર સિસ્ટમમાં ફાર્મસીની વિપુલ તકો વિષે જણાવ્યું હતું.

# બી .વી. એમ એલ્યુમ્ની એસોસિએશન દ્વારા ૫૮મી વાર્ષિક સભા યોજાઈ

વલ્લભ વિદ્યાનગર,તા. ૩૧

ચારુતર વિધામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે બી. વી. એમ એલ્યુમ્ની એસોસિયેશનની વાર્ષિક સભાનુ આયોજન રવિવારે કરવામા આવ્યુ હતુ. આ પ્રસંગે બી વી એમ એલ્યુમ્ની એસોસિયેશનના અધ્યક્ષ એન્જીનીયર ભીખુભાઈ પટેલ, ડૉ. એસ.એન.પટેલ (જૂનિયર વાઈસ પ્રેસીડેન્ટ), ડૉ. ઈન્દ્રજિતભાઈ પટેલ (ચેરમેન તથા પ્રિન્સિપાલ,મ્ફસ ), પ્રો. પ્રદીપભાઈ પટેલ (માનદ્ મંત્રી), ડૉ. દિપક વ્યાસ (માનદ્ સહમંત્રી),બીવીએમ એક્ઝિક્યુટિવ કમિટી ના સભ્યો તથા એસોસિયેશનના આજીવન સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સંસ્થા ના પ્રિન્સિપાલ ડૉ.ઈંદ્રજિત એન.પટેલે સૌનું અભિવાદન કર્યું હતું તથા વર્ષ દરમિયાન થયેલ કૉલેજના વિકાસલક્ષી કાર્યો તથા કૉલેજની પ્લૅટિનમ જ્યુબિલીની ઉજવણીના સંદર્ભે થયેલ વિવિધ કાર્યો તથા હાથપર ધરેલ વિભિન્ન પ્રૉજેક્ટ્સ પર વિસ્તારપૂર્વક છણાવટ કરી. તા. ૧૪ જૂન ૧૯૪૮મા સ્થપાયેલ આ કૉલેજને સરદાર પટેલની દ્રષ્ટી, ભાઈકાકા તથા શ્રી ભીખાભાઈ સાહેબની પ્રેરણા, ડૉ. એચ. એમ. પટેલ, ડૉ. સી. એલ. પટેલ અને સાંપ્રત સમયમા એન્જીનીયર ભીખુભાઈ પટેલનુ અવિરત માર્ગદર્શન મળતુ રહ્યુ છે. રાજ્યની પ્રથમ ઈજનેરી કૉલેજ તથા રાજ્યની ટેક્નિકલ શિક્ષણના પ્રથમ સ્વાયતત્તા પ્રાપ્ત કરેલ કૉલેજે, TEQIP-II અને TEQIP-IIIમા વિશ્વબૅંક તથા ભારત સરકારના માનવ સંશાધન વિભાગના સહયોગથી ૧૭ કરોડના પ્રકલ્પો પૂર્ણ કરવાને આરે છે ત્યારે તેના ભૂતપુર્વ વિદ્યાર્થીઓએ પણ ૬.૨ કરોડથી ઉપરનુ ભંડોળ કૉલેજના એન્ડાઉમેન્ટ ફંડ મા ૩૦ માર્ચ ૨૦૨૦ સુધી સમર્પિત કરેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગત વર્ષે ધીરેનભાઈ કામદાર રૂ. ૧.૨૧ કરોડનુ દાન સંસ્થાના ડી બ્લૉક (ડ્રૉઈગ હૉલ)ના નવીનીકરણમાટે અને નિતિનભાઈ દેસાઈ રૂ. ૧૧ લાખનુ અનુદાન આપી સંસ્થાના સુવિદ્યાકીય માળખાને વધુ મજબુત કરવા પહેલ કરી હતી. આ ઉપરાંત ભાઈલાલભાઈ પટેલે રૂ .૧.૧૫ કરોડ નું અનુદાન ઈ-બ્લોક માટે તથા અલગ અલગ કલાસરૂમ ના નવીનીકરણ માટે બેચ દીઠ બીવીએમના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ એ અનુદાન કરી ને ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ ઉપરાંત બી વી એમ એલ્યુમ્ની એસોસિયેશનના સભ્યોએ રૂ. ૫.૫૦ લાખનુ અનુદાન શિષ્યવૃતિ ગૉલ્ડમેડલ માટે એકત્રિત કરી વિદ્યાલક્ષી પ્રવૃતિઆને વેગ આપ્યો હતો.

ડૉ. એસ. એન પટેલે જૂના વિદ્યાર્થીઓ ને માર્ગદર્શન તથા આશીષ પાઠવી સતત કૉલેજ ની કેળવણીના કાર્યોમાટે જોડવી અનુરોધ કર્યો હતો. એન્જીનીયર શ્રી ભીખુભાઈ પટેલે આગામી ૭૫ વર્ષની પ્લેટિનમ જ્યૂબિલીની ઉજવણી માટે બધાને પોતાની વિદ્યાશાખા, પાસ થયેલ વર્ષ તથા પોતાના રહેણાંકના વિસ્તાર પ્રમાણે વહેંચી એલ્યુમ્નીની વિવિધ પ્રવૃતિદ્વારા પ્રવૃત કરવા અનુરોધ કર્યો હતો. વળી જૂના વિદ્યાર્થીઓને વર્ગખંડોના નવીનીકરણ માટે ઉત્સાહભેર જોડાવા અનુરોધ કર્યો હતો.આ ઉપરાંત સ્થાપના કાળ થી વર્તમાન સમય સુધી તથા ભવિષ્ય માં પણ બીવીએમ ને ઊંચા લક્ષ્યાંકો હાંસલ કરવા માટે ચારુતર વિદ્યામંડળ તથા બીવીએમ એલ્મની એસોસિએશન હંમેશા મદદરૂપ થશે તથા તે માટે સંસ્થા ના અધ્યાપકો તથા કર્મચારીઓ ને આ યજ્ઞ માં જોડાવા અનુરોધ કર્યો હતો.




સભાના અંતે પ્રોફેસર (ડૉ.) દીપક વ્યાસે આભારવિધી કાર્યક્રમની કરી પૂર્ણાહુતિ કરી હતી. આ કાર્યકર્મને આયોજન ઓનલાઈન પ્રસારિત કરવામા ડૉ. કેયુર બ્રહમભટ્ટ (વિભાગીય વડા - આઈ. ટી.) તથા દરેક વિભાગીય વડાઓ ,નિકિતા સોની (એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર,બીવીએમ એલ્મની એસોસિએશન),દ્રુપદ પટેલ તથા અન્ય સભ્યો એ ઉત્સાહપૂર્વક કામગીરી હાથ ધરી હતી. એ ઉત્સાહપૂર્વક કામગીરી હાથ ધરી હતી.




શિયાળાની આકરી ઠંડીને દૂર કરવા સહિતના અનેક કાર્યો માટે સુકા લાકડાઓનો ઉપયોગ થાય છે. ગાંધીનગરમાં વૃક્ષ આચ્છાદિત વિસ્તાર ઘણો હોવાથી સુકાં લાકડાઓ આસાનીથી મળી રહી છે. તસ્વીરમાં એક ફ્રન્ટી કાર પર લાકડાઓનો જથ્થો લઈ જતો વ્યક્તિ દેખાઈ રહ્યો છે. પાણી ગરમ કરવા માટે લાકડાઓનો ઉપયોગ વ્યાપક બન્યો છે.

# યોગ બોર્ડના ચેરમેન શિશપાલજીને ધ ટાઈમ્સ ગુજરાત આઈકોન્સ-૨૦૨૦ એવોર્ડ

ગાંધીનગર, તા. ૩૧

ભારતીય સંસ્કૃતિમાં પ્રાચીનકાળથી યોગ-પ્રાણાયામનું ખૂબ મહત્વ રહેલુ છે અને યોગ એ ભારતે વિશ્વને આપેલી અનોખી ભેટ ગણાય છે. યોગનો મહિમા આજે સમગ્ર વિશ્વ માની ચુક્યું છે, ખાસ કરીનો કોરોના મહામારીમાં યોગ-પ્રાણાયામ દર્દીઓનો સાજા કરવામાં ઉપયોગી પુરવાર થયાં છે. આ સમયે ગુજરાત સરકારના રાજ્ય યોગ બોર્ડના ચેરમેન યોગસેવક શિશપાલજીને 'ધ ટાઈમ્સ ગૃપ' દ્વારા આયોજિત 'ટાઈમ્સ ગુજરાત આઈકોન્સ-૨૦૨૦ એવોર્ડ' રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે એનાયત કરવામાં આવ્યો છે. આ એવોર્ડ તેમનો યોગ પ્રવૃત્તિઓનો વિકાસ કરી સમગ્ર રાજયમાં યોગનો પહોંચાડવા બદલ એનાયત કરાયો છે.



## નવા વરસે

તરોતાજાં ફરી થાશું, નવા વરસે, નવા વરસે;
ફરી ગીતો નવા ગાશું, નવા વરસે, નવા વરસે.

હવે આ સ્તબ્ધતાની સૌ દીવાલોને ખસેડીને;
નવું કો'દ્વાર થૈ જાશું, નવા વરસે, નવા વરસે.

અમે આ સાવ અંધારી બનેલી રોશનીથી તો;
નહીં સ્હેજે ય અંજાશું, નવા વરસે, નવા વરસે.

રડીને કયાં હવે પકવાન ખાવાની ય ઈચ્છા છે?
હસીને રોટલો ખાશું, નવા વરસે, નવા વરસે.

બની છે એકતા કાયમ અમારી આત્મશક્તિ જો;
બની પોલાદ પંકાશું, નવા વરસે, નવા વરસે.

ભલેને વેશ બદલે લાખ, દુશ્મન સૌ અમારાં પણ;
નહીં સ્હેજે ય ભરમાશું, નવા વરસે, નવા વરસે.

ન કોરોના, ન ડ્રેગન કોઈ પણ હાવી થવા દેશું
બની ફોરમ, લહેરાશું, નવા વરસે, નવા વરસે.

- ડો. મુકેશ જોષી

# સ્વામિનારાયણ ઈન્સ્ટીટયુટ ભાટ ખાતે રાષ્ટ્રીય કક્ષાનો વેબીનાર યોજાયો

ગાંધીનગર, તા. ૩૧

શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી, ભાટ કમ્પ્યુટર એન્જિનિરીંગ ડીપાર્ટમેન્ટ અને ગુજકોસ્ટ, ગવરમેન્ટ ઓફ ગુજરાત, સાયન્સ એન્ડ ટેકનોલોજી ના સયુક્ત ઉપક્રમે ૩ દિવસ માટે મશીન લર્નિંગ, પયથોન, રાસબરી પાયી જેવી ટેકનોલોજી ઉપર નેશનલ લેવલ વર્કશોપ અને ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.



રાજેશ વિશનની સીઈઓ સાયફર ઈંકોર્પોરેટેડ દ્વારા રાસબરી પાયીનું લાઈવ ડેમો આપવામાં આવ્યો હતો જેમાં સમજાવ્યું હતું કે રાસબરી પાયી એક નાનું અને સસ્તું કમ્પ્યુટર છે. આ ટેકનોલોજી ના ઉપયોગ થી મનોરંજન તેમજ વ્યવહારિક દ્વારા પ્રોગ્રામ શીખવા કરી શકાય છે.

રાસબરી પાયી દ્વારા સ્માર્ટ ટ્રાન્સપોર્ટેશન, સ્માર્ટ કૉમ્યૂનિકેશન થકી લાઈવ ડિટેકશન તથા ઓબ્જેકટ ડિટેકશન થઈ શકે છે. જે સોસાયટી માટે ખુબજ ઉપયોગી બની શકે છે. જેમકે ચાલુ કારે ડ્રાઈવિંગ કરતા કારનું તાપમાન વધી જાય તો આ ડિવાઈસ થાકી તમને એલર્ટ તુરંતજ મળી જશે મેથી સલામતી તથા તાપમાન અને ભેજ સેન્સર માં તાપમાન ની ચોકસાઈ મેળવી શકાય છે. રાસબરી પાયીનો ઉપયોગ સેન્સર ટચનોલૉજી અને જીપીએસમાં મુખ્યત્વે કરવામાં આવે છે

આજના બીજા સેશન માં ડો.શેશાંગ દેગડવાળ દ્વારા ડેટા સાયન્સ અને પાયથોન ટેક્નોલોજી પર વિશેષ ચર્ચા કરવામાં આવી હતી. જેમાં સ્ટુડેંટ્સ અને પ્રોફેસર મિત્રો એ ઉમળકાભેર ભાગ લીધો હતો.

અંતે સંસ્થાના કમ્પ્યુટર વિભાગના એચ ઓ ડી, પ્રો. વિજયકુમાર ગઢવી એ જણાવ્યું હતું કે ફોબ્સના આર્ટીકેલ પ્રમાણે આર્ટિફિશ્યલ ઈન્ટેલિગેન્ટસ ટેકની માંગ ૨૦૨૦બાદ ખુબજ વધવાની શક્યતા છે, આજે ગૂગલ, નાશા, યુ ટ્યુબે, એમેઝોન, ઈસ્ટાગ્રામ, ફેસબુક, IBM, NETPLIX જેવી વર્લ્ડ ની ટોપ મોસ્ટ કંપનીઓ એ પાયથોન ટચનોલોજી પાર મૂવ થાય છે જેથી માની શકાય કે આગામી સમય પયથોન ડેવેલોપર ની ડિમાન્ડ ખુબજ વધવાની છે. પયથોન વર્લ્ડની ચોથા નંબર ની ફાસ્ટેસ્ટ ગ્રોઈન્ગ પ્રોગ્રામિંગ લેન્ગવેજ છે. જેથી આજના નવ યુવાન ઈજનેરો ને ખૂબ ઉજવળ ભવિષ્ય મળી રહે એવી આશા સાથે આ વર્કશોપ કરવામાં આવ્યો હતો.

અંતે વર્કશોપ ના સમાપન કાર્યક્રમ માં સંસ્થા ના ડાયરેક્ટર શ્રી પ્રો. ધર્મેશ વંડરા અને પ્રિન્સિપાલ શ્રી ડો. હિતેશ વંડરા દ્વારા વિદ્યારથી મિત્રોને શુભેચા આપી હતી તેમજ વર્કશોપ ના કોર્ડીનેટર વિભાગ ના પ્રો. રાજુલ સુથાર, પ્રો. નીરજ ઠાકોર, પ્રો. જહાનવી દવે, પ્રો. દિપાલી બ્રિન્દા પટલેને વર્કશોપની સફળ આયોજન બદલ સન્માનિત કરાયા હતા.

# પી આર ઠક્કર વિદ્યાવિહાર મગોડીમાં ઓનલાઈન શિક્ષણ માટે વેબીનાર યોજાયો

ચિલોડા, તા. ૩૧

ગાંધીનગર તાલુકાના મગોડી સ્થિત પી આર ઠક્કર વિદ્યાવિહારમાં ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ તેમજ શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓના વાલીઓ વચ્ચે ઓનલાઈન વેબીનારનું આયોજના કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના આચાર્ય મનુભાઈ પ્રજાપતિ તેમજ શાળાના શિક્ષકો અને ધોરણ-૧૦માં ભણતા વિદ્યાર્થી તેમજ તેમના વાલીઓએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.




શાળાના આચાર્ય તેમજ શિક્ષકોએ કોરોનાની પ્રવર્તમાન પરિસ્થિતિમાં ઓનલાઈન શિક્ષણનો વધુમાં વધુ કેવી રીતે લાભ લઈ શકાય, તેમજ કેવી રીતે ઓનલાઈન શિક્ષણ પ્રાપ્ટ કરી શકતાય તેના વિશે સુંદર માહિતી પુરી પાડી હતી. કાર્યક્રમના અંતે મદદનીશ શિક્ષક રાજુભાઈ જોષીએ સમાપન કર્યું હતું.

## કેટીએમ ઈન્ડિયા દ્વારા અમદાવાદ પંચવટી કેટીએમ ગલોપ્સ ગ્રુપ દ્વારા સંપૂર્ણ નવી MY21 કેટીએમ ૧૨૫ ડ્યૂક અને KTM Adventure 250 લોન્ચ

દુનિયાની નં.૧ અને ભારતની ઝડપથી વૃદ્ધિ પામતી અવ્વલ મોટર બાઈક બ્રાન્ડ કેટીએમ દ્વારા તેના સમોવડિયા કરતાં મહત્તમ સવારીનો આનંદ આપવાના વચન સાથે સંપૂર્ણ નવી MY21 કેટીએમ-૧૨૫ ડ્યુક લોન્ચ કર્યાના ઘોષણઆ કરવામાં આવી છે. ભારતમં કેટીએમ ડીલરો ખાતે હવને ઉપલબ્ધ આ સંપૂર્ણ નવા મશીનને કેટીએમ ૧૨૫ ડ્યુકનો રમતામાં સર્વોપરી રાખવા માટે ૨૦૨૧ માટે ઘણી બધી બહેતરીઓ પ્રાપ્ત થઈ છે. કેટીએમ ૧૨૫ ડ્યુકની અજોડ નવી સ્ટાઈલિંગ તુરંત ધ્યાન ખેંચે છે. અને તેના પ્રત્યે દુર્લક્ષ કરવાનું અશક્ય છે. તે પરફોર્મન્સ પાવરહાઉસ કેટીએમ ૧૨૯૦ સુપર ડ્યુક આર દ્વારા પ્રેરિત છે. ડિઝાઈન વધુ રમતિયાળ જયોમેટ્રી ચેસિસને સન્મુકતા આપતા સીટ યુનિટ સાથે વધુ આક્રમક, ધારદાર બોડીવર્ક દ્વારા શોભે છે.




## જન્મદિને વધામણી



કેશવલાલ પી પરમાર
મો. ૯૭૨૬૬ ૩૬૮૯૫



રાજુભાઈ સોની




પારેખ મંજુલાબેન રમેશભાઈ



મિનલ ભર્ગદિવ ભટ્ટ
ફોન : ૨૩૨૪૩૨૫૩



જૈનીશ કે માજીરાણા



રેયાંશ નિસર્ગ શુક્લ
મો. ૮૦૦૦૦ ૪૧૮૦૭



વિજયકુમાર બારોટ



શૌર્ય જે પટેલ
મો. ૯૪૨૭૩ ૬૮૫૦૩



ચૌધરી ધવલભાઈ વાલજીભાઈ
મો. ૯૬૨૪૮૦૩૩૨૮



તનિષ્કા જી પરમાર
મો. ૯૯૦૪૮ ૩૭૧૧૫



રિયાન કલ્પેશકુમાર સાગર
મો. ૯૨૭૭૬ ૦૯૦૬૦